RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

વર્ષ–૦૫ અંક– ૩૦ (સુરત) તા.૨૯/૦૪/૨૦૨૫ મંગળવાર તંત્રી– મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના–૦૪ કિંમત ૧/– રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-05, ISSUE-30 SURAT DATE-29/04/2025 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 ગાંધીનગરમાં કાળઝાળ ગરમીઃ સવારે ૩૧ ડિગ્રી તાપમાન, આગામી ત્રણ દિવસ બાદ ૨-૩ ડિગ્રી વધવાની શક્યતા

2 ૬ વર્ષ સુધી વિદ્યાર્થીઓને માનસિક ત્રાસ આપ્યા બાદ આખરે એકમ કસોટી બંધ કરવાનો નિર્ણય

3 તાપી જિલ્લામાં પોષણ પખવાડિયા ૨૦૨૫ નું સફળ સમાપન રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયું છે સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન

3 સ્વામિનારાયણ ધામ સ્કૂલનો વાર્ષિકોત્સવઃવિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સામાજિક સંદેશ આપ્યો

## પહલગામ પીડિત પરિવારોને ન્યાય મળશે, મન કી બાત કાર્યક્રમમાં પીએમ મોદીએ દેશને ખાતરી આપી



**આ પહેલા તેમણે બિહારમાં એક ચૂંટણી સભામાં પણ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી.**

૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના 'મન કી બાત કાર્યક્રમ' માં ફરી એકવાર આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો અને પહલગામના પીડિત પરિવારોને ન્યાય અપાવવાની ખાતરી પણ આપી. આ પહેલા તેમણે બિહારમાં એક ચૂંટણી સભામાં પણ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી.

પહલગામ મુદ્દે પીએમ મોદીએ કહ્યું કે, 'આજે જ્યારે હું તમારી સાથે 'મન કી બાત' વિશે વાત કરી રહ્યો છું, ત્યારે મારા હૃદયમાં પીડા છે. ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલી આતંકવાદી ઘટનાએ દેશના દરેક નાગરિકને દુઃખી કર્યો છે. દરેક ભારતીયને પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે. ભલે તે ગમે તે રાજ્યનો હોય કે ગમે તે ભાષા બોલતો હોય, દરેક ભારતીય આ હુમલામાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓનું દુઃખ અનુભવી રહ્યો છે. આતંકવાદી હુમલાની તસવીરો જોઈને મને લાગે છે કે દરેક ભારતીયનું લોહી ઉકળી રહ્યું છે.'

પીએમ મોદીએ કહ્યું, 'પહલગામમાં થયેલો આતંકવાદી હુમલો તેમની કાયરતા દર્શાવે છે. એવા સમયે જ્યારે કાશ્મીરમાં શાંતિ પાછી ફરી રહી હતી, શાળાઓ અને કોલેજો પ્રવૃત્તિઓથી ધમધમી રહી હતી, લોકશાહી મજબૂત થઈ રહી હતી, પર્યટન વધી રહ્યું હતું અને યુવાનો માટે નવી તકો ઉભી થઈ રહી હતી, પરંતુ જમ્મુ અને કાશ્મીર અને દેશના દુશ્મનોને આ ગમ્યું નહીં. આતંકવાદીઓ ફરી એકવાર કાશ્મીરનો નાશ કરવા માંગે છે.'

હોજીવાલા G.I.D.C, સચિન
પ્લોટ ખરીદ-વેચાણ-ભાડે માટે મળો
સતિષભાઈ શાહ (નવી ઓફિસ)
પાર્થ કોમ્પ્લેક્સ દુકાન નંબર જી -૨, ગેટ નંબર ૨, રોડ નંબર ૧૦ ઓ હોજીવાલા સચિન સુરત
મો.: 9825127450
મો.: 9898027450

## આદિવાસી વિદ્યાર્થી માટે દેશભરમાં ૨૫૦ છાત્રાલય બનાવ્યાં:સુરતની સંસ્થા દ્વારા દેશભરમાં ૩૫૧ છાત્રાલય બનાવવાનો સંકલ્પ, ૧૭ રાજયમાં કામગીરી

સુરત- દુર્ગમ, અંતરિયાળ, પહાડી, નક્સલવાદી પ્રવૃત્તિથી પ્રભાવિત અને આર્થિક રીતે નબળા વિસ્તારોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં સંસ્કારના સિંચન સાથે અભ્યાસ કરી શકે તે માટે સુરતના માતુશ્રી કાશીબા હરિભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૩૫૧ છાત્રાયલ બનાવવાનો લક્ષ્ય બનાવ્યો છે, જેમાંથી ૧૭ રાજયોમાં ૨૩૩ છાત્રાલયનું નિર્માણ થઈ ગયું છે.આ સંસ્થાએ ગુજરાતમાં ૧૮૮ છાત્રાલય બનાવ્યા છે. ગ્રાઉન્ડ પ્લસ ૧ માળ મળીને ૬ હજાર સ્ક્વેર ફૂટનું બાંધકામ કરવામાં આવે છે. આસામ, નાગાલેન્ડ, ઉતરાખંડના પછાત વિસ્તારમાં છાત્રાલય બનાવ્યાં બાદ ત્યાંથી અંદાજિત ૫૦ સ્કૂલમાંથી છાત્રાલય બનાવવા માટેની અરજીઓ આવી છે.. અત્યાર સુધીમાં કુલ ૧૦૦૦થી વધારે અરજીઓ આવી છે. અમુક ગામમાં તો સ્કૂલોમાં બે ક્લાસની વચ્ચે માત્ર પ્લાસ્ટિકની કોથળીઓ લગાવીને વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

છાત્રાલયનું નિર્માણ કરવા માટે સંસ્થા દ્વારા અડધો ખર્ચ આપવામાં આવે છે અને અડધો ખર્ચ સહયોગી દાતા સંસ્થા દ્વારા આપવામાં આવે છે. છાત્રાલયના નિર્માણ બાદ માતુશ્રી કાશીબા હરિભાઈ ચેરિટેબલ ટ્રસ્ટનું નામ લખવામાં આવતું નથી માત્ર દાતા સંસ્થાનું જ નામ લખવામાં આવે છે.

## પહલગામ હુમલા પછી પીઓકેમાં એલર્ટ, પાકે. સેના ખડકી



**પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)ના તંત્રે કટોકટી લાદવાની જાહેરાત કરી છે અને સ્વાસ્થ્ય કર્મચારીઓની રજાઓ રદ કરી દીધી છે. ૨૫ એપ્રિલે ઝેલમ વેરીના સ્વાસ્થ્ય નિર્દેશાલયે જાહેર કરેલા આદેશમાં 'ઈમર્જન્સી સ્થિતિ'નો હવાલો અપાયો છે.**

શ્રીનગર- પહલગામમાં આતંકી હુમલાના પગલે ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમ પર છે. આવા સમયે પણ પાકિસ્તાનના સૈન્યે અંકુશ રેખા પર સતત ત્રીજા દિવસે ગોળીબાર ચાલુ રાખ્યો છે. ભારતીય સૈન્યે તેનો જડબાતોડ જવાબ આપ્યો છે. બીજીબાજુ ભારત પૂર્ણ સ્તરનું યુદ્ધ કરી શકે છે તેવો ડર પાકિસ્તાનને સતાવી રહ્યો છે, જેના પગલે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં ઈમર્જન્સી લાગુ કરી દેવાઈ છે અને સ્વાસ્થ્ય કર્મચારીઓની રજાઓ રદ કરી દીધી છે. પાકિસ્તાન એલઓસી પર સૈન્ય ખડકી રહ્યું છે. દરમિયાન એનઆઈએ પહલગામ હુમલાની તપાસ શરૂ કરી છે, જેમાં અનેક ઘટસ્ફોટ કરવામાં આવે તેવી શક્યતા છે.

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે આકરું વલણ અપનાવતા સિંધુ જળ સમજૂતી સસ્પેન્ડ કરવા સહિત અનેક પગલાં લીધા છે. પહલગામમાં આતંકીઓએ નામ પૂછીને હિન્દુઓની ક્રૂરતાપૂર્ણ હત્યા કરતાં ભારત સરકાર મોટું પગલું ભરવાની તૈયારી કરી રહી છે. ભારત પાકિસ્તન સાથે પૂર્ણ સ્તરનું યુદ્ધ શરૂ કરી શકે છે તેવા ડરથી પાકિસ્તાનમાં હડકંપ મચી ગયો છે.

પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર(પીઓકે)ના તંત્રે કટોકટી લાદવાની જાહેરાત કરી છે અને સ્વાસ્થ્ય કર્મચારીઓની રજાઓ રદ કરી દીધી છે. ૨૫ એપ્રિલે ઝેલમ વેરીના સ્વાસ્થ્ય નિર્દેશાલયે જાહેર કરેલા આદેશમાં 'ઈમર્જન્સી સ્થિતિ'નો હવાલો અપાયો છે. બધી જ હોસ્પિટલો અને સ્વાસ્થ્ય યુનિટ્સમાં તબીબી કર્મચારીઓને પોતાની ફરજની જગ્યા પર તૈનાત રહેવા નિર્દેશ આપ્યો છે. પાકિસ્તાનમાં દવાઓનો સ્ટોક પણ કરવામાં આવી રહ્યો છે.

## ભારતની સૈન્ય શક્તિમાં વધારોઃ આજે ૬૩ હજાર કરોડ રૂપિયાની ડીલ પર વાગશે મહોર



પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા પહલગામમાં થયેલા ક્રૂર હુમલા બાદ બંને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે આજે ભારતીય નૌકાદળ પોતાની તાકાતમાં વધારો કરશે. ભારત આજે ફ્રાન્સ પાસેથી રાફેલ ફાઈટર જેટ વિમાન ખરીદવા ડીલ કરશે. બંને દેશઓના સિનિયર ડિફેન્સ ઓફિસર્સ, ફ્રેન્ચ કંપની Dassault Aviation ના સભ્યો અને સુરક્ષા સચિવની હાજરીમાં રાફેલ ફાઈટર જેટ વિમાનની રૂ. ૬૩૮૮૭ કરોડની ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવશે.

૬.૬ અબજ યુરો એટલે કે ૬૩,૮૮૭ કરોડ રૂપિયાના આ સોદામાં ભારતને ૨૨ નંગ સિંગલ-સીટ રાફેલ-એમ જેટ અને ૪ નંગ ટ્વીન-સીટ જેટ એમ કુલ ૨૬ નંગ પ્લેન મળશે. એ ઉપરાંત આ રકમમાં શસ્ત્રો, સિમ્યુલેટર, ક્રૂને આપવામાં આવનારી તાલીમ, વિમાનોની જાળવણી સહાય તથા પાંચ વર્ષ માટે પ્રદર્શન-આધારિત લોજિસ્ટિક્સનો સમાવેશ થાય છે. ભારતીય વાયુસેના દ્વારા હાલમાં જે ૩૬ નંગ રાફેલ વિમાનો ઉપયોગમાં લેવાઈ રહ્યા છે એના સ્પેરપાર્ટ્સ અને સાધનોનો પણ આ ડીલનાં સમાવેશ થાય છે. આ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો વિદેશી સંરક્ષણ સોદો છે.

ફ્રાન્સના સંરક્ષણ પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુ ૨૭ એપ્રિલે ભારત આવવાના હતા, પણ આતંકવાદી હુમલાને લીધે સર્જાયેલી તંગદિલીને લીધે તેમણે ભારતની યાત્રા મુલતવી રાખી હતી. તેથી હવે બંને દેશોના સુરક્ષા અધિકારીઓ ૨૮ એપ્રિલ, સોમવારના રોજ નવી દિલ્હીમાં આ ડીલ પર હસ્તાક્ષર કરશે. બંને દેશના સંરક્ષણ મંત્રી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આ મીટિંગમાં હાજર રહેશે.

રાફેલ જેવા અત્યાધુનિક ફાઈટર જેટ પ્લેનના નિર્માણ અને પરીક્ષણમાં ખાસ્સો સમય લાગતો હોવાથી વર્તમાન સોદાની ડિલિવરી મેળવવા માટે ભારતે ઓછામાં ઓછા ચાર વર્ષ રાહ જોવી પડશે. પહેલો બેચ ૨૦૨૯ ના અંત સુધીમાં મળવાની અપેક્ષા છે, જ્યારે સમગ્ર ઓર્ડર ૨૦૩૧ સુધીમાં પૂરો પાડવામાં આવશે. આ વિમાનો ઈંગજ વિક્રમાદિત્ય અને INS વિક્રાંત જેવા વિમાનવાહક જહાજો પરથી સંચાલિત થશે.

## મુંબઈમાં EDના કાર્યાલયમાં આગ, મોટા મોટા રાજનેતાઓ સામેની તપાસ અહીથી ચાલતી હતી



દક્ષિણ મુંબઈના બેલાર્ડ એસ્ટેટમાં આવેલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ની ઓફિસમાં ભીષણ આગ લાગી હોવાના સમાચાર છે. જેના કારણે સમગ્ર વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. ઘટનાની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ ઓલવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

આ મામલે અધિકારીઓનું કહેવું છે કે હજુ સુધી કોઈ જાનહાનિની માહિતી મળી નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડને આજે રાત્રે લગભગ ૨:૩૧ વાગ્યે બહુમાળી કૈસર-એ-હિન્દ ઇમારતમાં આગ લાગવાની માહિતી મળી હતી. જેમાં ED ની ઓફિસ કરીમભોય રોડ પર ગ્રાન્ડ હોટેલ પાસે આવેલી છે.

ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, લગભગ ૧ કલાકની મહેનત બાદ, સવારે લગભગ ૩:૩૦ વાગ્યા સુધીમાં આગ પર મોટાભાગે કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. ફાયર અધિકારીઓ પાસેથી મળેલી માહિતી મુજબ, આગ લેવલ-૨ ની હતી. જેને સામાન્ય રીતે મોટો અકસ્માત માનવામાં આવે છે. જો કે આગ લાગવાનું કારણ હજુ સુધી જાણવા નથી મળ્યું.

આગ ઓલવવા માટે ૮ ફાયર એન્જિન મોકલવામાં આવ્યા હતા. ઘટનાસ્થળે ૬ જમ્બો ટેન્કર, એક એરિયલ વોટર ટાવર ટેન્ડર, એક રેસ્ક્યુ વેન, એક ક્વિક રિસ્પોન્સ વાહન અને ૧૦૮ સેવાની એક એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે.

## વીમા સંશોધન કાયદો ચોમાસુ સત્રમાં રજૂ કરાય તેવી શક્યતા



**વીમા સંશોધન કાયદામાં એફડીઆઇની વર્તમાન મર્યાદા ૭૪ ટકાને વધારીને ૧૦૦ ટકા કરવાની જોગવાઇ**

નવી દિલ્હી- વીમા ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઇ (ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ)ની જોગવાઇ ધરાવતું વીમા સંશોધન બિલ આગામી ચોમાસુ સત્રમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે તેમ સૂત્રોએ જણાવ્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે બિલનું ડ્રાફ્ટ તૈયાર છે અને તેને મંજૂરી માટે ટૂંક સમયમા કેબિનેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે મંત્રીમંડળની મંજૂરી પછી નાણા મંત્રાલયના તાબા હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ ફાઇનાન્સિયલ સર્વિસીસ વિભાગ બિલને સંસદમાં રજૂ કરવાની પ્રક્રિયા શરૂ કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર મંત્રાલયને આશા છે કે આગામી ચોમાસુ સત્રમાં બિલ સંસદમાં રજૂ કરવામાં આવશે. સંસદનું ચોમાસુ સત્ર સામાન્ય રીતે જુલાઇ મહિનામાં શરૂ થાય છે.

ઉલ્લેખનીય છે કે નાણા પ્રધાન નિર્મલા સિતારમને ચાલુ વર્ષના બજેટ ભાષણમાં નવી પેઢીના નાણાકીય ક્ષેત્રના સુધારાઓના ભાગરૂપે વીમા સેક્ટરમાં વિદેશી રોકાણની વર્તમાન મર્યાદા ૭૪ ટકાથી વધારી ૧૦૦ ટકા કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે આ વધારેલી મર્યાદા એ કંપનીઓ માટે ઉપલબ્ધ બનશે જે પોતાનું સમગ્ર પ્રિમિયમ ભારતમાં રોકાણ કરશે. વિદેશી રોકાણથી જોડાયેલ વર્તમાન અવરોધો અને શરતોની સમીક્ષા કરવામાં આવશે અને તેમને સરળ બનાવવામાં આવશે.

નાણા મંત્રાલયે વીમા કાયદો, ૧૯૩૮ની વિભિન્ન જોગવાઇઓમાં સંશોધનનો પ્રસ્તાવ રજૂ કર્યો છે જેમાં વીમા સેક્ટરમાં પ્રત્યક્ષ વિરોધી રોકાણ વધારીને ૧૦૦ ટકા કરવા, પેઇડ અપ કેપિટલમાં ઘટાડો કરવા અને સમગ્ર લાયસન્સની જોગવાઇ સામેલ છે.

આજ પ્રજાપંખ માં....

-માપ ના આશિક-



દિલ માં કંઈક થાય છે
તારો ઈરાદો નેક નથી ?
ઘાયલ હું થઈ રહયો છું
અને તીર તમે છોડતા જાઓ ?

આંખો તમારી માદક થાય
અને નશો મને ચઢે
અંગડાઈ તમે લો
અને દિલ મારુ ઉલઝી જાય.?

સપનામાં આવી આવીને
ઊંઘ મારી ખરાબ કરો,
તમારા નૂર થી અંજાઈને
મને મારી ખબર નથી!

માન્યું કે તમે ચાંદ છો આસમાન ના
અમે પણ સિતારાથી કમ નથી,
મળો તો સમજાવું તમને
અમે પણ આશિક છીએ માપના !!

-અશ્વિન 'અટપટો'....

## ગાંધીનગરમાં કાળઝાળ ગરમીઃ સવારે ૩૧ ડિગ્રી તાપમાન, આગામી ત્રણ દિવસ બાદ ૨-૩ ડિગ્રી વધવાની શક્યતા



ગાંધીનગર- ગાંધીનગર શહેરમાં આજે સવારે ૩૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે. છેલ્લા બે દિવસમાં પાટનગરમાં બે ડિગ્રી તાપમાનમાં ઘટાડો થયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે રાજ્યમાં ગરમીનો અનુભવ થવાની સંભાવના છે. દિવસ દરમિયાન દક્ષિણ પશ્ચિમ-પશ્ચિમના પવન ફૂંકાશે.

## રાશીફળ

**મેષ** -દોડધામ બાદ સ્થિતિને પોતાની અનુકૂળ બનાવી શકશો. સામાજિક સ્થિતિ સારી તેમજ કાર્યક્ષેત્ર વિસ્તૃત થશે. મિતવ્યયિતાના મહત્વને સમજવું.બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાનિ થવાની આશંકા રહેશે. કાયદાકીય બબતોમાં સફળતા મળશે.

**વૃષભ** -પ્રયાસ વધુ અને સમય પર કરવો. દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. આર્થિક હાનિનો યોગ. દેવાથી દૂર રહેવું. સામાજિક કાર્યોમાં મર્યાદિત રહો.નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**મિથુન**-કૌટુંબિક જીવનમાં તનાવ રહી શકે છે. પ્રબળ આત્મવિશ્વાસ અને દ્રઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે. સત્સંગ થશે.યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે.

**કર્ક** -સ્થાયી મિલકતની ખરીદનો યોગ છે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે.

**સિંહ**-વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક યાત્રાનો યોગ. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા વગેરેનો યોગ. ઘરમાં મહેમાનનું આગમન થશે.પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતા વૃદ્ધિનો યોગ.

**કન્યા**-વ્યાપાર સારો ચાલશે. સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે. નિર્ણય લેવામાં દુવિધા થશે, જેનાથી કાર્યની ગતિ પ્રભાવિત થઈ શકે છે.

**તુલા**-ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. નાણાંકીય કાર્યો માટે વિશેષ યાત્રા. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે. માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ.

**વૃશ્ચિક** -ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. નાણાંકીય કાર્યો માટે વિશેષ યાત્રા. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.અટકેલા નાણાં પ્રાપ્ત થવાની હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની રહેવાની સંભાવના છે.

**ધન**-કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. અપરણિતોનાં લ સંબંધી યોગ.ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મકર** -નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

**કુંભ**-શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.વ્યાપાર સારો ચાલશે. સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

**મીન**-અર્થની પ્રાપ્તિનો યોગ છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ આવશે. માતા-પિતાની ચિંતાઓ દૂર થશે. કાર્યોમાં વિલંબ થવાનો યોગ છે. ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ભૌતિક સુખ પ્રાપ્તિ થશે. વિદ્યાર્થીઓનું મન ભણવામાં લાગશે. કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે.

## ૭ મેચમાં ફક્ત ૪૮ રન ફટકાર્યા... ૪.૨ કરોડમાં ખરીદેલો આ ઓલરાઉન્ડર પંજાબને માથે પડ્યો



ઈન્ડિયન પ્રીમિયર લીગમાં શનિવારે કોલકાતા નાઈટ રાઈડર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાયેલી મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. બંને ટીમોને એક-એક પોઈન્ટ મળ્યો હતો. પરંતુ આ મેચમાં ગ્લેન મેક્સવેલ ફરી ફ્લોપ રહ્યો હતો.

મેક્સવેલે KKR સામે આ વખતે બેટથી ફક્ત ૭ રન બનાવ્યા અને વરુણ ચક્રવર્તીએ તેને ક્લિનબોલ્ડ કરી દીધો. આ વખતે પણ આઈપીએલ દરમિયાન મેક્સવેલનું બેટ શાંત રહ્યું છે. ઉલ્લેખનીય છે કે આઈપીએલની હરાજીમાં આ વખતે પંજાબે તેને ૪.૨ કરોડ રૂપિયાની મોટી રકમ આપી હતી. જેથી ટીમને તેની બેટિંગ અને બોલિંગના ઓલરાઉન્ડર પરફોર્મન્સનો ફાયદો મળી શકે. પરંતુ મેક્સવેલ બેટ અને બોલ બંનેથી બિનઅસરકારક રહ્યો. આ વખતે મેક્સવેલનું પરફોર્મન્સ સતત કંગાળ રહ્યું છે. મેક્સવેલ ખાસ કરીને સ્પિનરો સામે ખરાબ રીતે નિષ્ફળ રહ્યો છે. બેટિંગની વાત કરીએ તો તેણે અત્યાર સુધી ૦, ૩૦, ૧, ૩, ૭, ૭ રનની ઈનિંગો જ રમી છે.

આ સિઝનમાં મેક્સવેલ માટે સૌથી મોટી ચિંતાનો વિષય સ્પિનરો રહ્યા છે. ખાસ કરીને વરુણ ચક્રવર્તીની સામે તે ખરાબ રીતે નિષ્ફળ જાય છે. IPLમાં વરુણે ૮ મેચમાં મેક્સવેલને ૫ વખત બોલ્ડ કર્યો છે. આ દરમિયાન મેક્સવેલે ૩૩ બોલનો સામનો કર્યો હતો. તે આ વખતે આઈપીએલમાં ફક્ત ૪૮ જ રન કરી શક્યો છે.

## ઉનાળામાં પ્રાણીઓનો ખોરાક ઓછો કરી દેવાયોઃઇન્દ્રોડા પાર્કમાં ૧૦૫૦ કીલો બરફથી પ્રાણીઓને ઠંડક અપાય છે



ગાંધીનગર- શહેરમાં સાબરમતી નદીના કિનારે આવેલા ઇન્દ્રોડા પાર્કમાં ગરમીમાં પ્રાણીઓ હાંફળા ફાંફળા થઇ જાય છે. માંસ ખાતા પ્રાણીઓને સામાન્ય કરતા વધારે ગરમીનો અનુભવ થાય છે. આ સ્થિતિમાં પ્રકૃતિ ઉદ્યાનમાં ગરમીમાં પ્રાણીઓને ઠંડક આપવા માટે દરરોજ ૧૦૫૦ કીલો બરફથી વાતાવરણ ઠંડુ રાખવામાં આવી રહ્યુ છે. તે ઉપરાંત સ્પ્રિંકલર મુકીને હરતા ફરતા પ્રાણીઓને ગરમીથી રાહત આપવામાં આવે છે.

ગાંધીનગરના ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં માસાહારી પ્રાણીઓ નજરાણુ છે. સિંહ અને દીપડા જોવા માટે મુલાકાતીઓનો સતત ધસારો જોવા મળતો હોય છે. ત્યારે શિયાળાની ઋતુમાં પ્રાણીઓ ગરમ ખોરાક આરોગત હોવાથી ઠંડક સામે મહદઅંશે રાહત અનુભવતા હોય છે. પરંતુ ગરમીની ઋતુમાં માનવી પણ હાંફી જતો હોય છે, ત્યારે માંસાહારી પ્રાણીઓની હાલત કેવી હોય તે માત્ર કલ્પના કરવી રહી. ગરમીની સિઝનમાં હાલમાં ઇન્દ્રોડા પાર્કમાં રહેલા પ્રાણીઓને ઠંડક કરાવવા માટે ઉદ્યાનના અધિકારીઓ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ઇન્દ્રોડા પાર્કના નાયબ નિયામક રીતેશ ગહેલોતએ કહ્યુ હતુ કે, હાલમાં કુંડામાં રહેલુ પાણી ગરમ થઇ જવાની શક્યતા વધારે હોય છે. જેથી પાર્કમાં રાખવામાં આવેલા મગરના કુંડામાં બરફની પાટ મુકવામાં આવે છે. જેથી પાણી ઠંડુ રહેવાથી મગરને પણ ઠંડક મળશે. જ્યારે સિંહ અને દીપડાના પિંજરામા ટેબલ ઉપર બરફની પાટ ગોઠવવામાં આવે છે. જેથી પ્રાણી ટેબલની નીચે અથવા બરફની નજીક આવીને ઠંડક અનુભવી શકે છે.

ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં હાલમાં ૧૫૦ કીલોની ૭ બરફની પાટ લાવવામાં આવી રહી છે. જે બરફ મગર, જળચર પક્ષીઓ, વાઘ, સિંહ, દીપડા જેવા વન્ય પ્રાણીઓને ગરમીથી રક્ષણ આપવા બરફ લાવવામાં આવે છે. તે ઉપરાંત જ્યા જરૂર જણાય ત્યા સ્પ્રિંકલર મુકવામાં આવ્યા છે.

## નિતેશ તિવારી રણબીરની રામાયણની પહેલી ઝલક વેવ્સ સમિટમાં લોન્ચ કરશે



મુંબઇ : વિશ્વ ઓડિયો વિઝ્યુઅલ અને મનોરંજન શિખર સંમેલન જે વેવ્સ સમિટ તરીકે પણ જાણીતું છે તે ૧થી ૪ મે સુધી આયોજિત કરવામાં આવશે. આ ઇવેન્ટનો ફાયદો નિતેશ તિવારી લેવાનું વિચારી રહ્યો છે. તે પોતાની બિગ બજેટ ફિલ્મ રામાયણનું પોસ્ટર અથવા તો વિડીયો લોન્ચ કરવાની યોજના કરી રહ્યો છે. આ બાબતે તે જલ્દી જ નિર્ણય લે તેવી શક્યતા છે. સૂત્રની માનીએ તો આવતા અઠવાડિયાની શરૂઆતમાં ફિલ્મ વિશે કોઇ નવી ઘોષણા કરવામાં આવશે.

ફિલ્મ રામાયણને ૨૦૨૬ ની દિવાળી પર રિલીઝ કરવાની યોજના છે. ગયા નવેમ્બર મહિનામાં નિર્માતાએ એક ટીઝર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે રામાયણનો પહેલો ભાગ આવતા વરસે, બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ કરવામાં આવશે.

રામાયણમાં રામ-સીતાની ભૂમિકામાં રણબીર કપૂર અને સાંઇ પલ્લવી જોવા મળવાના છે. સની દેઓલ હનુમાન તેમજ યશ રાવણની ભૂમિકા ભજવશે.

## તંત્રી લેખ........

## લક્ઝરી બ્રાન્ડ માર્કેટ નાના મોટા સૌને બ્રાન્ડનું ઘેલું

લક્ઝરી આઇટમ કોને કહેવાય તે સમજવું અઘરૂં છે. જે આઇટમો સેલિબ્રિટી વાપરે તેને લોકો અનુસરે છે. પછી તે લક્ઝરીની યાદીમાં આવી જાય છે. આપણે ત્યાં એવી સમજ ઉભી કરાઇ છે કે જે ચીજ મોંઘી હોય તે લક્ઝરી આઇટમમાં આવી જાય છે.લોકો નવું ખરીદતા થયા છે, ભાવની રકઝક કરતા બંધ થયા છે, પૂર્વગ્રહ છોડીને ખરીદતા થયા છે અને દેખાદેખીમાં વધુ ખર્ચા કરતા પણ થયા છે. ક્રેડીટ કાર્ડના બેલેન્સે તેમને ખર્ચા કરવાની છૂટ આપી હોય એમ દેખાઇ આવે છે ભારતના લોકો લક્ઝુરીયસ લાઇફ-વૈભવી જીવન તરફ વળી રહ્યા છે. ૨૦૨૨માં લક્ઝુરીયસ ચીજોનું માર્કેટ ૪૬,૦૦૦ કરોડ રુપિયા જેટલું હતું જે ૨૦૨૪માં ૫૦,૦૦૦ કરોડ પર પહોંચશે. ૨૦૩૦ સુધીમાં ભારતનું લક્ઝરી માર્કેટ ૨૦૦ અબજ ડોલરને આંબી જશે એમ લાગી રહ્યું છે. જેમ જેમ દેશમાં હાઇ નેટવર્થ ધરાવનારાની સંખ્યા વધતી જાય છે એમ એમ લક્ઝરી માર્કેટની ચમક વધતી રહે છે. નીચે દર્શાવેલ આઇટમોની કિંમત આંખો ફાટી જાય એવી છે પરંતુ તે બધીજ આઉટ ઓફ સ્ટોક હોય છે અને અઠવાડીયે માલ મળે છે.

લોકો નવું ખરીદતા થયા છે, ભાવની રકઝક કરતા બંધ થયા છે, પૂર્વગ્રહ છોડીને ખરીદતા થયા છે અને દેખાદેખીમાં વધુ ખર્ચા કરતા પણ થયા છે. ક્રેડીટ કાર્ડના બેલેન્સે તેમને ખર્ચા કરવાની છૂટ આપી હોય એમ દેખાઇ આવે છે.

ઉપર આપેલા ભાવોમાં વધારો હોઇ શકે છે. આ ભાવો ઓનલાઇન કંપનીઓ પાસેથી તે મેળવ્યા છે. તે ખરીદતા પહેલાં સાઇટ પર એકાઉન્ટ ખોલાવાય છે અને જો ભાવમાં રકઝક કરવામાં આવે તો એકાઉન્ડ ડીલીટ કરી નખાય છે. હાઇ નેટવર્થ ધરાવનારા ભાવ નથી પૂછતા હોવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. ભાવ પૂછનારા ચીંગુસ અને મધ્યમ વર્ગના છે અને ખરીદતી ભાવ નહીં પૂછનારા જેન્ટલમેનમાં ગણાય છે. કોરોના કાળ પછી લોકો વધુ ખરીદી કરી રહ્યા છે અને લાઇફને એન્જોય કરી રહ્યા છે. લક્ઝરી ચીજો બનાવતી ૧૦૦ જેટલી કંપનીઓની કોરોના કાળ પછી બજારમાં ડિમાન્ડ વધતી જોઇ છે. કોરોનાના સમયમાં લક્ઝરી ચીજોના વેચાણમાં કોઇ ખાસ વધારો નોંધાયો નહોતો પરંતુ ત્યાર બાદ આ ક્ષેત્રનું માર્કેટ ઉંચકાયું હતું. લક્ઝરી માર્કેટના ગ્રોથમાં ટેક્નોલોજીનો ફાળો મોટો છે.

એક સર્વેમાં જણાવાયું છે કે ૮૦ ટકા જેટલી લક્ઝરી આઇટમો ઓનલાઇન પ્રચારથી વેચાય છે કે સોશ્યલ નેટવર્ક પરના મેસેજો તેમજ ઇન્સ્ટાગ્રામ વગેરે પરના ઓપિનીયનથી વેચાતી હોય છે. ૨૦૨૫ સુધીમાં તો મોટા ભાગની લક્ઝરી આઇટમો ઓનલાઇન મળતી થઇ જશે. કેટલાક ઓનલાઇન પ્લેટફોર્મ તેમના વેચાણમાં લક્ઝરી ચીજોનો સમાવેશ કરશે. બિઝનેસ ટુ બિઝનેસ ક્ષેત્રમાં તૈયાર કપડાં વેચતી અનેક ફેશન બ્રાન્ડ આગામી મહિનામાં ઓનલાઇન આવી રહી છે. ભારતના લોકોની ખરીદ શક્તિ વધતાં અને લક્ઝરી આઇટમોની ખરીદીનો ક્રેઝ વધતાં વૈશ્વિક સ્તરની બ્રાન્ડ ભારતના માર્કેટમાં પ્રવેશવા ઉત્સુક હોવાનું ઇન્વેસ્ટર્સ પરથી જણાય છે. પહેલી ઇન્ટરનેશનલ બ્રાન્ડ લૂઇસ વીટન ભારતમાં ૨૦૦૨ માં આવી હતી.

## ઉનાળામાં પક્ષીઓ માટે અનોખી પહેલ

## સત્ય સેવા જીવદયા ટ્રસ્ટે જહાંગીરપુરામાં વિનામૂલ્યે પાણીના કુંડાનું વિતરણ કર્યું



ધોમધખતા તાપમાં યુવાનોએ કુંડાનું વિતરણ કરીને માનવતાની મિસાલ કાયમ કરી

સુરત- જહાંગીરપુરામાં સત્ય સેવા જીવદયા ટ્રસ્ટે પક્ષીઓ માટે વિનામૂલ્યે પાણીના કુંડાનું વિતરણ કર્યું છે. રવિવારે ધોમધખતા તાપમાં યુવાનોએ કુંડાનું વિતરણ કરીને માનવતાની મિસાલ કાયમ કરી છે.

ટ્રસ્ટ વર્ષભર ગૌમાતા અને નંદી મહારાજને ખોરાક પૂરો પાડવાની સેવા આપે છે. સોમવારથી શનિવાર સવારે ૬ વાગ્યે નિયમિત સેવા અને રજાના દિવસે વિશેષ સેવા આપવામાં આવે છે.

સંસ્થા દર વર્ષે મોટી સંખ્યામાં પાણીના કુંડા અને ચકલી ઘરના વિતરણ કેમ્પનું આયોજન કરે છે. આ ઉપરાંત સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

## ૬ વર્ષ સુધી વિદ્યાર્થીઓને માનસિક ત્રાસ આપ્યા બાદ આખરે એકમ કસોટી બંધ કરવાનો નિર્ણય



ગુજરાત સરકારે ૭ વર્ષ સુધી પ્રાથમિક અને માધ્યમિક સરકારી શાળાઓમાં એકમ કસોટીના નામે વિદ્યાર્થીઓને માનસિક તણાવમાં મૂક્યા પછી શિર્ષાસન કરીને એકમ કસોટીઓ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ વર્ષના જૂનથી શરૂ થતા ૨૦૨૫-૨૬ ના શૈક્ષણિક સત્રથી એકમ કસોટી બંધ કરી દેવાશે. અલબત્ત ગુજરાત સરકાર તેના સ્થાને નવી કોઇ વ્યવસ્થા લાવવા વિચારી રહી છે એ જોતાં એવું લાગે છે કે વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સ્ટ્રેસ બિલકુલ દૂર નહીં થાય.

એકમ કસોટી હેઠળ રાજ્યની ૪૦,૦૦૦ થી વધુ પ્રાથમિક અને માધ્યમિક સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં સાપ્તાહિક, પખવાડિક અને માસિક એકમ કસોટી લેવાતી હતી. તેના કારણે શિક્ષકો પર કામનો બોજ વધતો હતો અને વિદ્યાર્થીઓ પર સતત પરીક્ષાનો તણાવ રહેતો હતો તેથી ઉગ્ર વિરોધ થયો હતો.

ધોરણ ૧ થી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે લેવાતી આ એકમ કસોટી બે સ્તરે લેવાતી હતી. ધોરણ ૧ થી ધોરણ ૮ ના વિદ્યાર્થીઓની એકમ કસોટી ગુજરાત શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ લેતી હતી.

જ્યારે ધોરણ ૯ થી ધોરણ ૧૨ માટેની એકમ કસોટી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી હતી. એકમ કસોટી બંધ કરી દેવાશે પછી ગાંધીનગરમાં બનાવાયેલા વિદ્યા સમીક્ષા કેન્દ્ર ને નવી કામગીરી સોંપાશે.

ગુજરાતમાં ૨૦૧૯ થી શરૂ કરાયેલી એકમ કસોટીનું તૂત ખાનગી કંપનીઓને ફાયદો કરાવવા માટે ચલાવાયું હોવાનું અધિકારીઓ સ્વીકારે છે. તેમનું કહેવું છે કે, એકમ કસોટીનાં પરિણામ ખાનગી કંપનીએ વિકસાવેલી એપ પર અપલોડ કરવાથી વિદ્યાર્થીઓને કોઇ ફાયદો નહોતો. આ ડેટાનો બીજો કોઇ ઉપયોગ પણ કરાયો નથી અને કરી શકાય તેમ પણ નહોતો એ જોતાં ૬ વર્ષ સુધી સરકારનાં નાણાંનો વ્યય કરાયો છે.

## મોટાપો ઘટાવો : સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત યોગ શિબિરમાં જોડાવો

### તા. ૪ મે ૨૦૨૫ ના રોજ સુરત ખાતે ડી આર બી કોલેજ ગ્રાઉન્ડમાં જવા આવવા બસ સુવિધા



**સચિન, પ્રજાપંખ દ્વારા** :યોગ દ્વારા મેદસ્વિતા ઓછા કરવામાં મદદ થાય એવા યોગ માટેનો સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત નામક યોગ શિબિર તારીખ ૪ મે ૨૦૨૫ના રોજ સુરત ખાતે ડી આર બી કોલેજ ગ્રાઉન્ડમાં યોજાનારા હોય, જેના ભાગ રૂપે રવિવારે સચિન કનકપુર ખાતે પ્રીતિબેન પાંડે જીના અધ્યક્ષ સાથે એસ એમ સી ગાર્ડન માં યોગ શિબિર કરવામાં આવ્યો અને યોગ દ્વારા થતા ફાયદાઓ તેમજ મોટાપો શરીરની મેદસ્વિતા કેમ ઓછી કરી શકાય તે અંગેની માહિતી આપવામાં આવી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ આરસીસી ચેરમેન પ્રકાશ ભાવસાર પધાર્યા હતા.

આજના કાર્યક્રમને સફળ બનાવવા રોટરી આરસીસી પદાધિકારી, સિનિયર સીટીઝન મિત્રો સાથે સ્થાનિક યોગ ગુરુઓ કોચ તથા સિટી અને તાલુકા લેવલના કો ઓર્ડીનેટર અનુક્રમે જિલ્લા કો ઓર્ડીનેટર પ્રીતિ પાંડે, એસ.એમ.સી. કો ઓર્ડીનેટર ડોક્ટર પારુલ પટેલ, તાલુકો કો ઓર્ડીનેટર હિના ચાવડા, કોચ સુરેશ ચવ્હાણ, સંધ્યા પટેલ, કમલેશ સિંઘ યોગ ગુરુ જંગ બહાદુર અને બાલકૃષ્ણ ભાઈ અને અને યોગ વિશે અનેક પ્રકારની માહિતી આપી. તારીખ ૦૪ મે ૨૦૨૫ ના રોજ થનાર મોટાપો ઘટાવો : સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત યોગ શિબિરમાં ની માહિતી આપી, જેમાં સમગ્ર સચીન વોર્ડ 30 ના નગરજનો જોડાય તેવું આહવાન કરવામાં આવ્યું છે. ત્યારે અંદાજિત ૨૦૦ થી વધુ મિત્રો નામ નોંધાવી ચૂક્યા છે.

અહીંથી બસ સુવિધા આવવા જવા માટે મળી રહેશે. હજી પણ મોટાપો, મેદસ્વિતા મુક્ત ગુજરાત યોગમાં જોડાવા માંગતા હો તેમને આરસીસી સચીનના મિત્રોને અથવા સ્થાનિક ગુજરાત યોગ બોર્ડ કોચ કમલેશ સિંઘ તથા સંધ્યા પટેલ પાસે નામ નોંધાવી ૫૦ રૂ. ફી જમા કરી પાસ કાર્ડ મેળવી લેવા જણાવ્યું છે. WHO દ્વારા મેદસ્વિતા એક વૈશ્વિક આરોગ્ય સમસ્યા છે જણાવ્યું છે. જેમાંથી દૂર થવું હોય તો યોગમાં જોડાવવું જરૂરી છે. સ્થાનિક કક્ષાએ પણ નિ:શુલ્ક યોગ શિબિર રોજ ચાલે છે.

જેમાં કનકપુરમાં ગાર્ડન માં રોજ સવારે સાંજે અને પાલી ગામ ખાતે સવારે યોગ શિબિર ચાલે છે. એવું સ્થાન યોગ કોચ કમલેશ સિંઘ એ જણાવ્યું છે. **વધુ સંપર્ક કરવા મોબાઈલ કમલેશ સિંઘ +૯૧ ૯૮૭૯૪ ૯૩૧૯૦, સંધ્યા પટેલ +૯૧ ૯૭૨૪૧ ૯૧૭૯૯.**

## રાજય સરકાર દ્વારા હાથ ધરાયું છે સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન

### તા. ૪ મી મેના રોજ ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજીત યોગ શિબિરમાં ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી ઉપસ્થિત રહેશે




**પ્રજાપંખ,** સુરત: ગુજરાત રાજય યોગબોર્ડના ચેરમેનશ્રી યોગ સેવક શિશપાલજીએ સુરત સરકીટ હાઉસ ખાતે પત્રકારો સાથે સંવાદ સાધતા જણાવ્યું હતું કે, આધુનિક જીવનશૈલી અને ખાનપાનની આદતોના કારણે બેઠાડું જીવન જીવનારા લોકો વધી રહ્યા છે ત્યારે રાજય સરકારે મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન દ્વારા મેદસ્વિતા નિવારણ અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે અભિયાન ઉપાડયું છે. ભારતીય સંસ્કૃતિની દેન સમા યોગ દ્વારા નિરોગી જીવન જીવી શકાય છે. જે માટે યોગબોર્ડ કાર્ય કરી રહ્યું છે. રાજયભરમાં ૧.૫૦ ટ્રેનરો તાલીમબધ્ધ કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે, રાજય સરકારના ગતિશીલ નેતૃત્વ હેઠળ, ગુજરાત રાજય યોગ બોર્ડ સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન દ્વારા મેદસ્વિતા નિવારણ અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે કાર્યરત છે.

તેમણે વધુમાં કહ્યું કે, સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનના ભાગરૂપે યોગબોર્ડ દ્વારા તા.૩ મેના રોજ સાંજે 3:30થી ૬:૦૦ વાગ્યા દરમિયાન વરાછાના સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે યોગ સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંવાદનો હેતુ મેદસ્વિતા નિવારણ અને યોગના ફાયદાઓ વિશે જનજાગૃતિ લાવવાનો છે. આ સંવાદમાં સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અંગે ચર્ચા સાથે યોગ આસનો, પ્રાણાયામ અને ધ્યાનના માધ્યમથી નાગરિકોને તેમના સ્વાસ્થ્યની જવાબદારી લેવા પ્રેરણા મળશે.

યોગબોર્ડના ચેરમેને કહ્યું કે, આગામી તા. ૪ મેના રોજ સવારે ૫.30 થી ૭.30 વાગ્યા સુધી વેસુ સ્થિત DRB કોલેજ, ભરથાણા ખાતે રાજયના ગૃહરાજયમંત્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવશે. આ શિબિર સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનનો ભાગ છે, જેમાં નાગરિકોને આસનો, પ્રાણાયામ અને ધ્યાન કરાવવામાં આવશે. આ શિબિર ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૫ના કાઉન્ટડાઉનનો પણ ભાગ હોવાનું તેમણે કહ્યું હતું. જેથી સુરતીઓને બહોળી સંખ્યામાં યોગશિબિરમાં ભાગ લેવાનો અનુરોધ કર્યો હતો.

## મુખ્યમંત્રીના મદદનીશ બાદ વધુ એક વિકેટ પડી, CMOમાંથી ઉપસચિવની બદલી કરાઈ



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અંગત મદદનીશ નીલ પટેલની મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હકાલપટ્ટી કરાયા બાદ મુખ્યમંત્રી કાર્યાલયમાંથી વધુ એક અધિકારીને વિદાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં સાફસુફી કરવામાં આવી રહી છે જે સચિવાલયમાં ચર્ચાનો મુદ્દો બની રહ્યો છે.

આ જ સપ્તાહમાં મુખ્યમંત્રીના અંગત મદદનીશ નીલ પટેલની હકાલપટ્ટી કરાઇ છે. એવો ગણગણાટ છે કે, ભાજપ જીલ્લા પ્રમુખોની યાદી જાહેર થાય તે પહેલાં સંભવિત દાવેદારોને આગોતરી જાણ થઈ ગઈ હતી. એટલુ જ નહીં, જીલ્લા પ્રમુખોનું પેપર ફુટી જતાં ભાજપની આબરુ ધુળધાણી થઇ હતી. આ બધાય માટે જવાબદાર મુખ્યમંત્રીના અંગત મદદનીશ નીલ પટેલને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

## ૧ મણ કેસર કેરીનો ભાવ રૂપિયા ૧૨૦૦ થી ૧૪૦૦ ની વચ્ચે બોલાયો, ૧૪ ટનની આવક થઇ



વ્યારા- વ્યારા નગરમાં આવેલા એપીએમસી માર્કેટમાં ફળોના રાજા કેરીનું આગમન શરૂ થઈ ગયું છે. વ્યારા માર્કેટ યાર્ડમાં પ્રથમ સપ્તાહમાં દિવસમાં ૧૪,૦૦૦ થી વધુ કિલો વિવિધ જાતની કેરીનું આગમન થતા વ્યારા માર્કેટમાં ચહલપહલ વધી ગઈ હતી.

વ્યારા નગરની વચ્ચોવચ આવેલ એપીએમસી માર્કેટમાં હાલ કેરીના આગમન થઈ ગયું છે. શરૂઆતના એક બે દિવસમાં ઓછી કેરીઓ આવી હતી પરંતુ શુક્રવારથી વ્યારા એપીએમસી માર્કેટમાં કેરીનું માર્કેટ એકદમ સારું થઈ ગયું છે. શુક્રવારે દિવસ દરમ્યાન ૧૪ ટન કેરી અંદાજિત ૧૪ હજાર કિલો વેચાવવા માટે આવી હતી. બીજી તરફ વેપારીઓ અને ખેડૂતો પણ ખરીદ વેચાણ માટે મોટી સંખ્યામાં એપીએમસી માર્કેટમાં આવી જતા ખેડૂતો અને વેપારીઓ બંનેને ફાયદો થઈ રહ્યો છે. માર્કેટમાં છૂટક ખરીદી કરવા આવતા લોકો પણ અથાણાંની કેરીઓની ખરીદી કરી રહ્યા છે.

૧ મણ રાજાપૂરીનો ભાવ ૮૦૦ થી ૧૦૦૦ વચ્ચે શુક્રવારે વ્યારા એપીએમસી માર્કેટમાં અંદાજિત ૧૪ ટન કેરીનું આગમન થયું હતું, જેમાં રાજાપુરી, કેસર, દેશી, ટોટાપુરી, દશેરી, લંગડો, હાફૂસ, બદામ નીલમ સહિત અન્ય કેરીઓ વેચાણ અર્થે આવી હતી. જેમાં ૨૦ કિલો કેસરના અંદાજિત ૧૨૦૦થી ૧૪૦૦ રૂપિયા જયારે રાજીપૂરી કેરીના અંદાજિત ૮૦૦ થી ૧૦૦૦ રૂપિયા, ટોટાપુરી કેરીના ૨૦ કિલોના અંદાજિત ૮૦૦થી ૧૦૦૦ રૂપિયા જયારે હાફૂસ કરીને ૨૦ કિલોના અંદાજે ૧૬૦૦ રૂપિયાનું વેચાણ થઈ રહ્યું હોવાનું વેપારીઓ પાસે જાણવા મળ્યું હતું.

## ૧૩ દિવસમાં રિક્ષામાં લાઉડ-સ્પીકરના ૨૨૯ કેસ નોધાયા, ડાર્ક ફિલ્મના ૯૫૫ અને ફેન્સી નંબર પ્લેટ ધરાવતા ૧,૬૮૪ વાહનચાલકોને દંડ



સુરત- સુરત શહેરમાં દિવસેને દિવસે ટ્રાફિક સંબંધી સમસ્યાઓ વધતી જઈ રહી છે. ખાસ કરીને ઘણા ઓટોરિક્ષાના ચાલકો પોતાની રિક્ષામાં લાઉડ-સ્પીકર લગાવીને ઊંચા અવાજે ગીતો વગાડતા હોય છે, જેના કારણે અન્ય વાહનચાલકોને મુશ્કેલી પડતી હોય છે. ક્યારેક તો અકસ્માત અને દુર્ઘટનાની ઘટનાઓ પણ બનાતી હોય છે. આ સમસ્યાને ગંભીરતાથી લેતા સુરત શહેર ટ્રાફિક વિભાગે વિશિષ્ટ ડ્રાઇવ હાથ ધરી હતી.

ટ્રાફિક વિભાગ દ્વારા ૧૨ એપ્રિલથી શરૂ કરાયેલ સ્પેશિયલ ડ્રાઇવ દરમિયાન સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં કડક કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિશિષ્ટ ડ્રાઇવ માટે ૪૦થી વધુ ટીમો બનાવાઈ હતી. આ ટીમે શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક વિસ્તારોમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતી વાહનો પર નજર રાખી હતી.

લાઉડ-સ્પીકર વગાવનાર રિક્ષાચાલકો દંડાયા સ્પેશિયલ ડ્રાઇવ દરમિયાન ઓટો રિક્ષાઓમાં લાઉડ-સ્પીકર લગાવવાના કુલ ૨૨૯ કેસ નોંધાયા છે. ટ્રાફિક વિભાગે સ્પષ્ટતા કરી છે કે, જાહેર માર્ગો પર અવાજથી ધ્વનિ પ્રદૂષણ કરનાર આવા લાઉડ-સ્પીકરથી સજ્જ ઓટો-રિક્ષાઓ ટ્રાફિક માટે ગંભીર અડચણ ઊભી કરે છે અને નાગરિકોને મુશ્કેલીમાં મુકે છે. માત્ર અવાજ પૂરતો નહીં, પરંતુ આવા અવ્યવસ્થિત અવાજના કારણે અન્ય વાહનચાલકોનું ધ્યાન ભટકે છે અને અકસ્માતની શક્યતા વધી શકે છે.


## બહુમુખી વ્યક્તિત્વ ધરાવતાં બાબેનનાં શિક્ષક બળવંતભાઈ પટેલનો વિદાય સન્માન સમારોહ યોજાયો



**પ્રજાપંખ, બાબેન :** જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત બારડોલી તાલુકાની બાબેન પ્રાથમિક શાળાનાં ફરજનિષ્ઠ અને કર્મઠ શિક્ષક તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર કાર્યવાહક પ્રમુખ એવાં બળવંતભાઈ સોમાભાઈ પટેલનો વયનિવૃત્તિ સન્માન સમારોહ બારડોલી તાલુકા માહ્યાવંશી સમાજ પ્રગતિ મંડળનાં સભાખંડ ખાતે યોજવામાં આવ્યો હતો. સુરત જિલ્લા પંચાયતનાં માજી પ્રમુખ અને આદર્શ ગામ બાબેનનાં પ્રણેતા એવાં ભાવેશભાઈ પટેલનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ આ વિદાય સન્માન સમારંભમાં સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલ, મહામંત્રી અરવિંદભાઈ ચૌધરી તથા હોદ્દેદારો, તમામ તાલુકા ઘટક સંઘનાં પ્રમુખ-મહામંત્રીઓ, બારડોલી વિસ્તારનાં નામાંકિત અગ્રણીઓ, સ્નેહીજનો અને શુભેચ્છકો ઉપરાંત ખૂબજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

શાળાનાં ઉત્થાન અને પ્રગતિ માટે તેમણે કરેલાં કાર્યો, બાળકો પ્રત્યેનો પ્રેમભાવ, સ્ટાફ સાથેનું સંકલન, સંઘભાવના જેવી ઘણી મીઠી યાદોનાં અને તેમની કદરરૂપેનાં સંભારણા પ્રાસંગિક પ્રવચનમાં સાંભળવા મળ્યાં. આ તબક્કે બળવંતભાઈ પટેલે પોતાનાં પ્રતિભાવમાં કોઈપણ કાર્ય નિતીથી કરવાથી ઈશ્વરની પ્રિતી પ્રાપ્ત થાય છે એ તરફ નિર્દેશ કરી ઉપસ્થિત સૌ મહાનુભવો, શુભેચ્છકો સહિત તેમનાં પરિવારજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સ્વામિનારાયણ ધામ સ્કૂલનો વાર્ષિકોત્સવ:વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સામાજિક સંદેશ આપ્યો



ગાંધીનગર- ગાંધીનગરની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ સેક્ટર-૧૭ના ટાઉનહોલમાં યોજાયો. કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી, આચાર્ય, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા.

વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સમાજલક્ષી સંદેશાઓ રજૂ કર્યા. તેમણે અભિનય, સંવાદ, નૃત્ય અને મિમિક્રી દ્વારા ગુરુ સ્વામી સત્યસંકલ્પદાસજીનો સંદેશ લોકો સુધી પહોચાડ્યો. કાર્યક્રમમાં બાળકોએ હેપી ફેમિલી, રાષ્ટ્રપ્રેમ અને સામાજિક સંવેદનશીલતા જેવા વિષયો પર પ્રસ્તુતિ આપી.

શાળાએ વિદ્યાર્થીઓમાં સમાજ પ્રત્યેની સંવેદના જાગૃત કરવાનો પ્રયાસ કર્યો. માતા-પિતાના આશીર્વાદનું મહત્વ અને સમાજના દરેક વર્ગ પ્રત્યે સન્માનની ભાવના કેળવવા પર ભાર મૂક્યો. કાર્યક્રમમાં અંતકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. વાલીઓએ શાળાના આ પ્રયાસને બિરદાવ્યો હતો.

## તાપી જિલ્લામાં પોષણ પખવાડિયા ૨૦૨૫ નું સફળ સમાપન




**તાપી-**સમગ્ર રાજય સહિત તાપી જિલ્લાની તમામ તાલુકાઓની આંગણવાડી કેન્દ્રો ખાતે તારીખ ૮ મી થી ૨૨ મી એપ્રિલ-૨૦૨૫ દરમિયાન પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસો દરમિયાન આઈસીડીએસ વિભાગ દ્વારા પોષણ પખવાડીયા એપ્રિલ-૨૦૨૫ અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણ શપથ ,મમતા દિવસ તેમજ જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસો વિશેની સમજ આપવામાં આવી હતી. જિલ્લામાં પોષણપખવાડિયા-૨૦૨૫ના સમાપન નિમિત્તેઘટક કક્ષાએ કિશોરી સાથે પૂર્ણા દિવસની ઉજવણી તેમજ કિશોરી પંચાયતની કિશોરીઓને પ્રોત્સાહિત કરવા ઇનામ આપવામાં આવ્યા હતા.

પોષણ પખવાડિયા દરમિયાન વિવિધ આંગણવાડી કેન્દ્રો પર આરોગ્ય અને પોષણને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમ કે . જેમાં પોષણ અંગેની શપથ તથા બાળ તુલા દિવસ, C-MAM કાર્યક્રમ અંગે લાભાર્થીઓને સમજણ અને SAM લાલ-પીળા બાળકોને રાબ પિવડાવવામાં આવી. મમતા દિવસની ઉજવણી કરી સગર્ભા ધાત્રીની આરોગ્ય તપાસ, બાળકોના વજન-ઉંચાઈ, બાળકોને રસીકરણ કરવામાં આવ્યુ તથા જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસો વિશે સગર્ભા અને ધાત્રી માતાઓને સમજ અપાઇ હતી. આ આ સાથે પોષણ ટ્રેકરમાંના લાભાર્થી મોડયુલનો પ્રચાર-પ્રસાર, કિશોરીઓ માટે પ્રથમ ૧૦૦૦ દિવસ વિષય પર વિવિધ સ્પર્ધાનું આયોજન, અન્ન પ્રાશન અને બાળ દિવસની ઉજવણી, મીલેટ અને ઝઇછ આધારીત વાનગી સ્પર્ધા, કાર્યકર બહેનો દ્વારા લાભાર્થીઓની ગૃહ મુલાકાત ,કિશોરીઓ દ્વારા રંગોળી કરવામાં આવી હતી.

અંગણવાડી કાર્યકર્તાઓ દ્વારા ગામના મહિલાઓ અને બાળકીઓને પોષણ અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી. તેમજ ગર્ભવતી અને ધાત્રી મહિલાઓ માટેવિશેષ પોષણ માર્ગદર્શન અપાયું હતું. જિલ્લાની તમામ અંગણવાડીઓની બહેનોએ ખૂબ ઊર્જા અને ઉત્સાહ સાથે પોષણ પખવાડિયાને લોકભાગિદારીથી સફળ બનાવ્યું હતું.

પ્રજા પંખ
સત્યમેવ જયતે

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત

**આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .**

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

**ખાસ ચેતવણી :**

**લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....**

Praja Pankh
prajapankh
YouTube prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com



સંપર્ક
મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩
કિરણ રાઠોડ ૭૭૭૮૦૪૮૪૦૯

# ત્રીજા સમૂહલગ્નમાં ૯ લાડકવાયી દીકરીઓના વિદાયના સ્નેહભર્યા ક્ષણો

## ચોર્યાસી ધારાસભ્ય સંદીપ દેસાઈની વિશેષ ઉપસ્થિતિ






**સચિન, પ્રજાપંખ દ્વારા** :આરસીસી લાજપોર સચિન દ્વારા આયોજિત ત્રીજા સમૂહલગ્નનો ભવ્ય કાર્યક્રમ મરોલી મુકામે કોળી સમાજની વાડી ખાતે ખૂબ જ શ્રદ્ધા અને સહકારથી સફળતાપૂર્વક યોજાયો.

આ ત્રીજા સમૂહલગ્નમાં કુલ ૯ લાડકવાયી દીકરીઓના લગ્ન સંપન્ન કરાવવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમ અનેક દાતાશ્રીઓના ઉદાર સહકારથી શક્ય બન્યો હતો. મુખ્ય દાતાશ્રીઓમાં સુધા ડાઇંગ, એથર ઇન્ડસ્ટ્રિયલ, અને રંગાનુરાગ ટ્રસ્ટ સચિનનો વિશેષ ફાળો રહ્યો. સાથે જ કબાડ ડીએસ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ (A to Z ગ્રુપ) સચિન તથા ભાઈશ્રી મનિષ ભાઈ નાયક કનસાળ તરફથી બેડ, ગાદલા અને તકિયા જેવી આવશ્યક સામગ્રીના કન્યાદાન કરાયું હતું.

શ્રી સંજયભાઈ માને તરફથી દરેક લાડકવાયીને વિશિષ્ટ પાનેતર ભેટરૂપે આપવામાં આવ્યું હતું. વધુમાં, અનેક સેવાભાવી દાતાશ્રીઓ દ્વારા નાના મોટા દાન આપવામાં આવ્યા.

તા. ૨૦/૦૪/૨૦૨૫ ના આ પ્રસંગે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નવવિવાહિત દીકરીઓને આશીર્વચન આપ્યાં અને આરસીસી લાજપોર સચિન દ્વારા આયોજિત સમૂહલગ્નના ઉમદા કાર્યની હૃદયપૂર્વક પ્રશંસા કરી હતી. તેમણે સમૂહલગ્ન માટે રૂ. ૨૫,૦૦૦ નું દાન પણ આપ્યું હતું. આરસીસી લાજપોર સચિન પરિવાર તરફથી ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈનો સહૃદય અભિનંદન અને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સમૂહલગ્ન કાર્યક્રમમાં આરસીસી દ્વારા ચાના કપથી લઈને કુકર સુધીની તમામ ઘરવખરીની આવશ્યક સામગ્રી કન્યાદાનરૂપે આપવામાં આવી હતી. દીકરીઓના નવા ઘર માટે બેડ, કબાટ, ફ્રિજ અને અન્ય ઘરગથ્થુ સામગ્રી દાતાશ્રીઓના સહયોગથી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી જેથી કોઈપણ જાતની ખામી ન રહે.

કાર્યક્રમ દરમિયાન દાતાશ્રીઓ, આમંત્રિત મહેમાનો અને એનજીઓના પ્રતિનિધિઓનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન અને સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્ટેજ સંચાલન નું કાર્ય RTN. અ. રઝાક સૈયદ દ્વારા ખૂબ સુંદર રીતે સંભાળવામાં આવ્યું હતું. આભાર વિધિ આરસીસી લાજપોર સચિનના ચેરમેન તથા સમૂહલગ્નના કેમ્પ પ્રોજેક્ટર શ્રીમતી દિપિકાબેન કિરીટભાઈ ભાવસાર દ્વારા કરવામાં આવી હતી.

# સમાજઅગ્રણી સ્વ. બાબુભાઇ મેલેરિયાના જન્મદિન નિમિત્તે રક્તદાન શિબિરનું સફળ આયોજન












**સચિન, પ્રજાપંખ દ્વારા :** ચક્ષુદાનથી અજવાળું ફેલાવનાર અને માનવતાની સાચી અલખ જગાવનારા સ્વ. શ્રી બાબુભાઈ ભાણાભાઈ પટેલ (મેલેરીયાવાળા) નિ:સ્વાર્થ માનવ સેવા સમિતિ સચિનના સ્થાપક પ્રમુખ અને સચિન વિસ્તારમાં સિનિયર સિટીઝન ફોરમની સ્થાપનાના પ્રમુખ પુરસ્કર્તાના જન્મદિન નિમિત્તે, એમના નિવાસસ્થાને રક્તદાન શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

આ શિબિર રવિવાર, તા. ૨૭/૦૪/૨૦૨૫ ના રોજ બપોરે ૧ વાગ્યા સુધી યોજાઈ હતી, જેમાં આશરે ૧૫૦ જેટલા રક્તદાતાઓએ હાજરી આપી. યોગ્ય તપાસણી પછી કુલ ૪૧ યુનિટ રક્ત એકત્રિત થયું, જેને 'શુશ્રુશા બ્લડ બેંક નવસારી'ને અર્પણ કરવામાં આવ્યું.

'શુશ્રુશા બ્લડ બેંક દ્વારા પરિવારનું શિલ્ડ આપી સન્માન પણ કર્યું. સ્વ. બાબુભાઈએ જીવનભર રક્તદાનના મહાત્મ્યને લોકોના હૃદયમાં ઊંડે ઊંડે સ્થાપિત કરી માનવતાવાદના દીપક પ્રગટાવ્યા. એમની યાદમાં યોજાયેલા આ શિબિરનું સફળ આયોજન સિનિયર સિટીઝન્સ વેલ્ફેર ટ્રસ્ટ સચીન, સમસ્ત જૈન સમાજ સચીન, પુત્ર શ્રી મેહુલ બાબુભાઈ પટેલ તથા મિત્રો તથા ભક્તજનોના સહકારથી શક્ય બન્યું.

સ્વ. બાબુભાઈ હંમેશા કહેતાં કે, 'આજનું રક્તદાન, આવતીકાલનું જીવનદાન છે!'

શિબિર દરમિયાન વિશિષ્ટ મહેમાનો તરીકે ઉપસ્થિત રહેલા અગ્રણીઓમાં વોર્ડ ૩૦ પ્રમુખ શ્રી તેજસ આહીર, મહામંત્રી શ્રી મનોજસિંહ સોલંકી, શ્રી રાજમાલભાઈ જૈન, શ્રી પવનભાઈ જૈન, શ્રી સુરેશ પીછોલીયા, મોનુટભાઈ જૈન, શ્રી પ્રકાશ ભાવસાર,

શ્રી બહાદુરસિંહ સોલંકી, મગનભાઈ ડેન્સાવાળા, મનુભાઈ રાઠોડ, દિલીપ નાયક, ભરત નાયક, ઠાકોર નાયક, દિપીકાબેન ભાવસાર, અબ્દુલ રઝાક સૈયદ અને વિજય ટેલર, ગિરીશ આહીર, મહેશ પટેલ, દીપક ચૌધરી, ધર્મેશ બડ ગુજર રવિન્દ્ર પાટીલ અને અકરમ કુરેશી તથા અન્ય મહાનુભાવો આગેવાનોનું પણ અહી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું છે.

આ અવસરે માજી નગરસેવક તથા ગણેશોત્સવ સમિતિના ઉપપ્રમુખ શ્રી મેહુલભાઈ બાબુભાઈ પટેલે તમામ રક્તદાતાઓ અને સહયોગી સંસ્થાઓનું હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને કહ્યુ કે,'રક્તદાન એ અત્યારેના યુગનું શ્રેષ્ઠતમ દાન છે, જેનાથી જીવન બચાવવાનું પુણ્ય પ્રાપ્ત થાય છે.'

આજના શિબિરમાં વિશિષ્ટ માન આપતા, સચિનના વતની અને ૧૧૪મી વખત રક્તદાન કરી એક અનોખો રેકોર્ડ બનાવનારા શ્રી વિજયભાઈ પટેલ (તળંગપુર) નું પણ સન્માન કરવામાં આવ્યું. તેઓએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે,

'રક્તદાન કરનાર વ્યક્તિ સ્વસ્થ અને સજાગ રહે છે, અને આજના સમયમાં સર્જાતી અછતને પહોંચી વળવા સૌ નાગરિકોએ નિયમિતપણે રક્તદાન કરવું જોઈએ.' અંતે, સમગ્ર કાર્યક્રમ દરમિયાન 'શુશ્રુશા બ્લડ બેંક નવસારી'ના મહેન્દ્રભાઈ તથા સુકેતન દેસાઈ અને તમામ ટીમના સેવાભાવી કાર્યનુંસૌએ હૃદયપૂર્વક કદર કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

# વેપારી એસોસિયેશન, સચીન દ્વારા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ઓ ને ભાવભીની શ્રદ્ધાંજલિ






**સચિન, પ્રજાપંખ દ્વારા** :વેપારી એસોસિયેશન સચીન દ્વારા, કાશ્મીરના પહેલગામ ખાતે આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ભારતના ૨૬ જેટલા ભારતીયોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન સચીનના તમામ વેપારીઓએ પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં પોતાની તમામ દુકાનો અને વ્યવસાયકર્તા સ્થળો સ્વેચ્છાએ બંધ રાખીને શહીદ થયેલાઓ પ્રત્યે શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

કાર્યક્રમની શરૂઆત બે મિનિટના મૌન અને શિસ્તબદ્ધ રીતે સમૂહ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ એકસાથે સમૂહ પ્રાર્થના અને શાંતિ પાઠ કરીને આતંકવાદીઓના હુમલાઓમાં મૃત્યુ જનાર શહીદી આત્માઓ માટે પ્રાર્થના કરવામાં આવી. આ પ્રસંગે સચીન વેપારી એસોસિયેશનના પ્રમુખ માન. મનોજસિંહ સોલંકી અને કારોબારી સમિતિના તમામ સભ્યો, વરિષ્ઠ વેપારી મિત્રો, નાગરિકો તથા યુવા પેઢીનો વ્યાપક પ્રતિસાદ જોવા મળ્યો હતો. આ વિશિષ્ટ કાર્યક્રમને સફળ બનાવવામાં સહકાર આપનાર તમામ વેપારી મિત્રો તથા ઉપસ્થિત નાગરિકોનો વેપારી એસોસિએશન સચીન તરફથી હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો એવું વેપારી એસોસિએશન ના વિજય ટેલરે પ્રજા પંખ ને જણાવ્યું.

# યંગ ગ્રુપ પારડી, દ્વારા આયોજિત આંખ તપાસ કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ





**સચિન, પ્રજાપંખ, પારડી:** આજ રોજ પારડી કનડે ખાતે આઈ ચેકઅપ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યંગ ગ્રુપ પારડી, આરસીસી લાજપોર સચિન, WE ક્લબ સચિન તથા સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર, સુરતના સહયોગથી મદ્રેસા તાલીમુલ ઇસ્લામ પારડી ખાતે કેમ્પ યોજાયો હતો.

આજના કેમ્પમાં કુલ ૯૫ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી. જે દર્દીઓમાં ગંભીર આંખની તકલીફ જોવા મળી, તેમને વધુ સારવાર માટે મંગળવારના રોજ સુરત હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવશે અને સારવાર બાદ ફરી પારડી મૂકી આપવામાં આવશે. જેમના મોતિયાબિંદુના ઓપરેશન જરૂરી હોવાનું જણાયું, એવા દર્દીઓના ફ્રી ઓપરેશન સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર દ્વારા કરવામાં આવશે.

જરૂરિયાતમંદ દર્દીઓને નાના ખર્ચે નજદીકી ચશ્માં ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા અને જે દર્દીઓ માટે ખર્ચ કરવાનો શક્ય ન હતો, તેમને આરસીસી લાજપોર સચિન દ્વારા મફત ચશ્માં આપવામાં આવ્યા હતા.

ઉપરોક્ત કેમ્પની મુલાકાત માટે વોર્ડ નંબર ૩૦ ના યુવા અને સેવાભાવી પ્રમુખ શ્રી તેજસભાઈ આહીર પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કેમ્પની કાર્યશૈલીની પ્રશંસા કરી અને જણાવ્યું હતું કે, 'ભવિષ્યમાં પણ આવા આરોગ્ય કેમ્પોનું સતત આયોજન થતું રહે અને હું હંમેશા આપની સાથે છું.'

આ પ્રસંગે WE ક્લબના ડિસ્ટ્રિક્ટ પ્રમુખ શ્રી દિપિકાબેન ભાવસાર, આરસીસી લાજપોર સચિનના પ્રમુખ શ્રી વિક્રમસિંહ કફ્લેથીયા, આરસીસીના પાસ્ટ પ્રમુખ શ્રી શ્યામભાઇ, આરસીસી સચિન-કનકપુરના સ્થાપક પ્રમુખ તથા ચેરમેન શ્રી પ્રકાશભાઈ ભાવસાર, શ્રી જિલાનીભાઈ, કેમ્પ આયોજક હાફેઝ યુસુફ જેથતા, એડવોકેટ શ્રી નદીમભાઈ તથા યંગ ગ્રુપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કેમ્પને સફળ બનાવ્યો હતો. સંપૂર્ણ

કેમ્પનું આયોજન આરસીસી લાજપોર સ્થાપક પ્રમુખ અબ્દુલ રઝાક સૈયદ દ્વારા કરી આપવામાં આવેલ, આમ યંગ ગ્રુપ પારડી દ્વારા આયોજિત આ પહેલો આંખ તપાસ કેમ્પ હતો. ભવિષ્યમાં બ્લડ કેમ્પ અને મેડિકલ કેમ્પનું પણ આયોજન કરવાની જાહેરાત એડવોકેટ નદીમભાઈ દ્વારા કરવામાં આવી હતી.

# શ્રી રામકથા - કનકપુર હાઉસિંગ, સચિન શહેરમાં ભવ્ય આયોજન




**સચિન, પ્રજાપંખ દ્વારા** :સુરત નજીકના ઔદ્યોગિક સચિન શહેરના કનકપુર હાઉસિંગ ખાતે એક પાવન અને આધ્યાત્મિક મહોત્સવનું આયોજન થયું છે. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન, શાખા નવસારી ગુરુકુલ સંચાલિત સચિન સત્સંગ મંડળ દ્વારા મર્યાદા પુરુષોત્તમ શ્રી રામજીના દિવ્ય જીવન પ્રસંગોનો ઉજાસ પ્રસરાવતો વિશિષ્ટ કાર્યક્રમ 'શ્રી રામકથા' રાખવામાં આવ્યો છે.

**તારીખ:** ૦૨ મે થી ૦૬ મે ૨૦૨૫, **સમય:** દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૧:૦૦ **સ્થળ:** સનલાઈટ સ્કૂલ, બાલકૃષ્ણ હવેલી પાસે, ગુજરાત હાઉસિંગ બોર્ડ, કનકપુર, સચિન. આ પાવન કથાનું સાગર પરમ પૂજ્ય મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી તથા પૂજ્યપાદ સદ્ગુરુ શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીના આશીર્વાદથી પ્રવાહી બનશે. કથાનું અમૃત પાન કરવા શાસ્ત્રી મંગલસ્વરૂપદાસજી સ્વામી અને શાસ્ત્રી નીલકંઠચરણદાસજી સ્વામી વાણી વડે શ્રીરામજીના જીવનચરિત્ર રજૂ કરશે.

**આ કથાની શરૂઆત માટે પોથીયાત્રા:** તા. ૦૨-૦૫-૨૦૨૫ના રોજ સાંજે ૭:૩૦ કલાકે શ્રી ચંદુભાઈ અરજણભાઈ પટોળીયા (૫૬, મુક્તિનગર-૧, અમર સ્વપ્ન સોસાયટીની પાછળ, સચિન) નિવાસસ્થાનથી શરૂ થઈ કથા સ્થળે પહોંચશે. અને કથા દરમિયાન **શ્રી રામકથા અંતર્ગત ખાસ પ્રસંગો:**

શ્રીરામ જન્મોત્સવ, શ્રીરામ બાળ ચરિત્ર, સીતાસ્વયંવર, વન પ્રવેશોત્સવ,

ભરત મિલાપ, હનુમંત ચરિત્ર, રામેશ્વર પ્રતિષ્ઠા, અયોધ્યા આગમન જેવા પ્રસંગો રહેશે. જેથી આપ સંપૂર્ણ સહપરિવાર આ પાવન પ્રસંગે હાજરી આપી શ્રીરામજીના દિવ્ય જીવનમૂલ્યોનો લાભ લેવો તેવી હાર્દિક નિમંત્રણભર્યું આમંત્રણ આપવામાં આવે છે. એવું જીતુભાઈ એ પ્રજાપંખ ને જણાવ્યું છે.

**વધુ વિગતો માટે સંપર્ક કરો.** શ્રી હરિ મુકુન્દ સ્વામી ૯૦૯૯૫ ૩૩૨૨૨, શ્રી ઉત્તમભાઈ વઘાસિયા ૯૨૨૭૯ ૨૬૨૧૯, શ્રી જીતુભાઇ +૯૧ ૯૮૨૫૩ ૫૨૯૦૨

# જીવનભારતી કિશોરભવન પ્રાથમિક વિદ્યાલયના આચાર્યાશ્રી અને નિરીક્ષકનું પર્યાવરણ સંરક્ષક એવોર્ડથી સન્માન



**પ્રજાપંખ, સુરત:** તારીખ.૨૭/૪/૨૦૨૫ ના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબની ઉપસ્થિતિમાં માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ શ્રી પુલકિતભાઈ જોષીના હસ્તે જીવનભારતી કિશોરભવનના આચાર્યાશ્રી ભામિનીબેન રાવલ અને નિરીક્ષકશ્રી રાજેશભાઈ પારેખને વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓમાં સક્રિયતા બદલ પર્યાવરણ સંરક્ષક એવોર્ડ ૨૦૨૫ અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જે નિમિત્તે શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતાં.

OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230